# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૪૧ તા.૯-૭-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી મ્યુનિસિપલ શાળાઓના તમામ મુખ્ય શિક્ષકોને જણાવવાનું કે, વર્ષ ૨૦૧૫ –૧૬ ની ૪ દિવસીય કલસ્ટર કાક્ષાની તાલીમની જોગવાઈ મંજુર થયેલ છે. તો નીચે મુજબના સમયપત્રક મુજબ માસવાર તાલીમનું આયોજન કરેલ છે.

| કલસ્ટર કક્ષાની શિક્ષક સેવાકાલિન તાલીમ માસ વાર તાલીમ સેવા પત્રક | | | | | |
|---|---|---|---|---|---|
| માસ | તારીખ | સમય | દિવસ | ધોરણ | શિક્ષક સંખ્યા |
| જુલાઈ | ૧૧–૭–૧૫ | ૭.૦૦ થી ૧.૦૦ | એક | ધોરણ ૧ થી ૮ | પ્રજ્ઞા શિક્ષક સહિત તમામ શિક્ષકો |
| સપ્ટેમ્બર | ૧૨–૯–૧૫ | ૭.૦૦ થી ૧.૦૦ | એક | ધોરણ ૧ થી ૮ | પ્રજ્ઞા શિક્ષક સિવાયના તમામ શિક્ષકો |
| નવેમ્બર | ૭–૧૧–૧૫ | ૭.૦૦ થી ૧.૦૦ | એક | ધોરણ ૧થી ૮ | પ્રજ્ઞા શિક્ષક સિવાયના તમામ શિક્ષકો |
| જાન્યુઆરી | ૨–૧–૧૬ | ૭.૦૦ થી ૧.૦૦ | એક | ધોરણ ૧ થી ૮ | પ્રજ્ઞા શિક્ષક સિવાયના તમામ શિક્ષકો |

એમ.એચ.આર.ડી. ન્યુ દિલ્હી દ્વારા સમગ્ર દેશમાં સી.આર.સી. બેઠક/તાલીમ ઉપર વિશેષ ભાર / ધ્યાન આપવા સુચવાયું છે. જે અન્વયે કલસ્ટર કક્ષાની એક દિવસીય શિક્ષક તાલીમમાં નીચેના મુદાઓની ચર્ચા કરવામાં આવશે. આ માટે નીચે મુજબની તૈયારી કરીને આવવું.

- ગત માસમાં કરેલ વર્ગ શૈક્ષણિક કાર્યની સમીક્ષા
- આવનાર માસમાં કરવાની થતી વર્ગશિક્ષણ કાર્ય માટે પૂર્વ તૈયારીનું આયોજન
- સામગ્રી નિર્માણા તથા હાર્ડસ્પોર્ટ પર પ્રત્યક્ષ નિદર્શન

➢ **તાલીમના વિષય/ વિષયવસ્તુ**

– ધોરણ ૧ અને ૨ કલરવ,કૂંજન, કલ્લોલ
– ધોરણ ૩ થી ૪ ગુજરાતી/પર્યાવરણ, ગણિત, હિન્દી અને અંગ્રેજી
– ધોરણ ૫ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી,ગણિત, પર્યાવરણ
– ધોરણ ૬ થી ૮ ભાષા, સા. વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી
– ધોરણ ૧ થી ૮ સ્વચ્છતા સંબંધી વિષયવસ્તુ

➢ **તાલીમ મોડયુલ**

સમગ્ર તાલીમ દરમ્યાન રાજય કક્ષાએથી બ્લોક કક્ષાની તાલીમ દરમ્યાન આપવામાં આવેલ તાલીમ મોડયુલ વર્ગમાં સાથે રાખી તેમાં જ નોંધ કરવાની રહેશે. જો તાલીમ દરમ્યાન મોડયુલ જોવા નહી મળે તો તેની જવાબદારી જે તે શિક્ષકની નકકી કરવામાં આવશે.

➢ **તાલીમનો ખર્ચ**

– તાલીમાં પ્રતિ શિક્ષક રૂ. ૯૦/– પ્રમાણેની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે. જેમાં ૪૫ ની મર્યાદામાં રીફ્રેશમેન્ટ (ભોજન) જે માટે સમિતિ બનાવી આયોજન કરવાનું રહેશે.

– તાલીમમાં ભોજન માટે ૫૦ શિક્ષકો એ એક કાઉન્ટર ગોઠવવાનું રહેશે.

– ભોજન અને વ્યવસ્થાપક સમિતિ

(૧) વર્ગસંચાલક (સી.આર.સી. કો. ઓર્ડિનેટર)
(૨) સ્થાનિક શિક્ષક
(૩) મહિલા શિક્ષિકા – ૨
(૪) શિક્ષકમંડળના પ્રતિનિધિ
(૫) પુરુષ શિક્ષક

- **વાહન ભથ્થુ**

  રૂ ૪૦ ની મર્યાદામાં વાહન ભથ્થુ આપવામાં આવશે. (સ્થાનિક શિક્ષકોને વાહન ભથ્થુ ચુકવવામાં આવશે નહી.) જે તાલીમાર્થીના સેલરી એકાઉન્ટમાં ઈ–ટ્રાન્સફર કરવામાં આવશે. માટે તાલીમાર્થીઓએ બેન્ક એકાઉન્ટની પાસબુક તાલીમમાં એકાઉન્ટ નંબર, આઈ.એફ.એસ.સી. કોડ સાથે લાવવાના રહેશે. જે શિક્ષક/તાલીમાર્થી/તજજ્ઞ સાચી વિગતો રજૂ કરશે નહી તો તો તેની જવાબદારી શિક્ષકની પોતાની રહેશે.

**તાલીમ દરમ્યાન સ્ટેશનરી, કન્ટીજન્સી અને અન્ય આવશ્યક/જરૂરિયાત મુજબના ખર્ચ અંગે:**

- બ્લોક કક્ષાની તાલીમમાં ચોપડો અને પેન આપવામાં આવેલ છે. જે સમગ્ર વર્ષ દરમ્યાન યોજાનાર તાલીમમાં ઉપયોગ કરવાનો રહેશે.
- **ખરીદ સમિતિ**

  (૧) વર્ગ સંચાલક (સી.આર.સી. કો–ઓર્ડિનેટર)<br>
  (૨) સ્થાનિક શિક્ષક<br>
  (૩) મહિલા શિક્ષિકા – ૨<br>
  (૪) શિક્ષકમંડળના પ્રતિનિધિ<br>
  (૫) તજજ્ઞશ્રી
- **રીસોર્સ પર્સનને પુરસ્કૃત કરવા અંગે**

  તાલીમમાં તજજ્ઞ તરીકે કામગીરી કરતા શિક્ષકોને પુરસ્કૃત કરવા પ્રતિ દિવસ ઉચ્ચક રૂ. ૫૦/– લેખે વિશેષ પુરસ્કાર કરવામાં આવશે. જે ઈ– ટ્રાન્સફરથી બેન્કમાં જમા કરાવવામાં આવશે.
- **તાલીમનો સમયગાળો**

  શિક્ષક તાલીમનો સમય ૭ થી ૧ કલાક (૩૦ મીનીટ રિશેષ સહિત) રાખવાનો રહેશે. ૧૧/૭/૨૦૧૫ ના રોજ સવારે ૧૦ થી ૧૧ કલાક દરમ્યાન ઉપચારાત્મક શિક્ષણ અંગે બાયસેગ ના માધ્યમથી ઓન એર શેસનનું આયોજન કરેલ છે.
- પ્રજ્ઞા શિક્ષકોએ ૧૧/૭/૨૦૧૫ ની કલસ્ટર તાલીમમાં નીચે જણાવેલ સ્થળોએ તાલીમ લેવાની રહેશે.
- તાલીમની આચારસંહિતાનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
- તાલીમ દરમ્યાન તાલીમાર્થી વર્ગખંડમાં મોબાઈલ કે ઈલેકટ્રોનિકસ વસ્તુઓનો ઉપયોગ કરી શકશે નહી.
- તાલીમના સ્થળે સમયમર્યાદામાં હાજર રહેવાનું રહેશે.
- તાલીમ દરમ્યાન મળવેલ વિષયવસ્તુનો વર્ગખંડમાં ઉપયોગ કરવાનો રહેશે.
- તાલીમમાં ગેરહાજર કે વચ્ચેથી ગેરહાજર રહેનાર તાલીમાર્થી એ સ્વખર્ચે રજાના દિવસે તાલીમ મેળવવાની રહેશે.
- તાલીમ દરમ્યાન ગેરહાજર રહેનાર તાલીમાર્થીએ અગાઉથી શાસનાધિકારીશ્રી પાસે રજા મંજુર કરાવી તેની કોપી વર્ગસંચાલકને આપવાની રહેશે.
- તાલીમના સ્થળ અને વર્ગખંડમાં સ્વચ્છતા જળવાય તે જોવાની આપણા સૌની જવાબદારી છે.
- તાલીમની હાજરી રાજય કક્ષાએ ૭.૨૦ સુધી જણાવી દેવાની હોવાથી ૭.૧૫ પછી આવનાર શિક્ષકની ગેરહાજરી ગણવામાં આવશે.
- કલસ્ટર કક્ષાની તાલીમમાં શાળામાં મુખ્ય શિક્ષકશ્રી, એસ.એમ.સી. ના સભ્યો અને વાલીઓની મદદથી શાળા અનઅધ્યયન રાખી બાળકો માટે મધ્યાહન ભોજન ની વ્યવસ્થા ફરજિયાત કરવાની રહેશે.
- આ સાથે તાલીમના સ્થળો સામેલ છે.

તા.૯-૭-૧૫

ડૉ.એલ.ડી.દેસાઈ<br>
શાસનાધિકારી